ثبوتِ ہلال کے طریقے

# ચાંદની સાબિતીના સાત તરીકા

લેખક : **આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી** رضی اللہ عنہ

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**
*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*


▲▲▲▲▲▲▲▲▲પ્રકાશક ▲▲▲▲▲▲▲▲▲

**અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરા**

GRWB/059/Bharuch/02 C/o. ફૈયઝાને રઝા મંઝિલ,
મુ.પો. દયાદરા, તા. જિ. ભરૂચ. પિન : ૩૯૨૦૨૦
ફોન : ૦૨૬૪૨-૨૮૨૭૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
Email ID : islamic@sancharnet.in

| | | |
|---|---|---|
| પ્રકાશન નં. : ૧૩૪ | આવૃત્તિ-૧ | પ્રત : ૪૦૦૦ |
| ૧-રમઝાનુલ મુબારક | હિ.સ. ૧૪૨૬ | ઓક્ટોબર-૨૦૦૫ |


**પોસ્ટકાર્ડ લખી મફત મંગાવો !**


નૂરાની આર્ટ-દયાદરા, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧




بِسْمِ اللهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

## પ્રારંભિક વાત......

### ★ ચાંદની ગણત્રી ''તબીઅત''થી નહીં ''શરીઅત''થી ગણો ! ★

આ વખતે શબે મેઅરાજ નિશ્ચિત કરવામાં ઘણી જગાએ ખૂબ જ મત મતાંતરો ઉભાં થયાં. અમને પણ ઘણા લોકોએ ફોન કરી કરીને શબે મેઅરાજ ક્યારે ? એ પ્રશ્નોનો મારો ચલાવ્યો. જો કે અમારે ત્યાં પાછલા બંને મહીના વાદળને કારણે ચાંદ ન દેખાયો જેથી પૂરા ત્રીસની ગણત્રીથી અમે શબે મેઅરાજ જુમ્આની મગરિબ બાદ જે રાત આવે તે ગણત્રીમાં રાખી હતી અને તે પ્રમાણે શબે મેઅરાજ મનાવી તથા શનિવારનો રોઝો ૨૭ રજબનો જાહેર કર્યો. જેમણે અમારી જેમ બંને મહીના ચાંદ ન જોયો હોય ન શરઈ ગવાહી મળી હોય તો એ જ ગણત્રી બરાબર ગણાશે. હવે જે લોકોએ અમારી જેમ ચાંદ નથી જોયો અને શરઈ ગવાહી પણ નથી મળી છતાં એક દિવસ આગળ કર્યું તેમને શરીઅત પ્રમાણે જે ફઝીલત ૨૭ રજબની શબની ઈબાદત તથા રોઝાની છે તે મનમાની કરવાના કારણે મળશે નહીં, એ સ્વભાવિક વાત છે.

ઘણા લોકો એવી દલીલ કરતા હતા કે કેલેન્ડરમાં તો ફલાણા દિવસે છે અને તમે કેમ એ પ્રમાણે નથી કરતા ? તેમજ ફલાણી જગાએ તો ફલાણા દિવસે છે અને તમે કેમ એ પ્રમાણે નથી કરતા ? ટી.વી.માં તથા વર્તમાનપત્રોમાં તો ફલાણા

દિવસની જાહેરાત છે અને તમે એ મુજબ કેમ નથી માનતા ? કેટલાક લોકો મુંઝવણ અનુભવતા કે ભાઈ ! આ કેવું ?! કોઈ ફલાણો દિવસ કહે છે અને કોઈ ફલાણો દિવસ કહે છે ? તો આ બધું કેવું ? અને અમે શું કરીએ ? વગેરે વિવિધ પ્રશ્નો ફોન પર કરવામાં આવતા હતા. તેમને અમે શરીઅતના કાનૂન મુજબ જે રીતે ચાંદની ગણત્રી થાય તે ટૂંકમાં સમજાવી.

## ★ મુંઝવણોનું કારણ ઈલ્મે દીનનો અભાવ ! ★

આ ગરબડો ઉભી થવાનું અને ખેંચતાણનું કારણ એ છે કે આપણે શરીઅતથી વિમુખ થઈને તબીઅતને અનુસરવા માંડયા છીએ. **મુસલમાન આ બાબતે ન ટી.વી.ની કે વર્તમાન પત્રોની ખબરોનો મોહતાજ છે ન કેલેન્ડરોના નિર્દેશનો મોહતાજ છે,** અને ખરેખર અલ્લાહ વ રસૂલનાં ફર્માનોને જો માથે ચડાવે તો દુનિયા શું આખેરત શું ક્યાંય ઉલઝનમાં મૂકાશે નહીં. (ઈન્શાઅલ્લાહ !) શરીઅતે ચાંદની સાબિતી માટે કેટલાક ઉસૂલો તથા નિયમો નિશ્ચિત કર્યા છે, તેની પાબંદીની સાથે જો ઈદ, રમઝાન કે આવા મુબારક દિવસો મનાવવામાં આવે ત્યારે તે દુરુસ્ત ગણાશે, નહીં તો નહીં. "ચાંદની ગણત્રી શરીઅતના કાનૂનો મુજબ કર્યા વિના ટેલીફોન કે ટી.વી.ની ખબર પ્રમાણે ઈદ પણ કરી નાખવામાં આવે તો એનું "નાજાઈઝ" તથા "હરામ" હોવું ઉઘાડુ છે." *("ષબૂતે હિલાલ કે તરીકે"ની પ્રસ્તાવના, પ્રસ્તાવના લેખક : હઝરત અલ્લામા મુહમ્મદ અહમદ મિસ્બાહી)*

એવુંય જરૂરી નથી કે વિ□ભરમાં કે દેશભરમાં કે રાજ્યભરમાં પણ દરેક ઠેકાણે એક જ દિવસે ઈદ કે રમઝાનની





શરૂઆત કે જે તે મુબારક દિવસો મનાવવામાં આવે. બલ્કે જે પ્રમાણે શરીઅતના હુકમાનુસાર સાબિત થાય તેને તેઓ અનુસરે. અને મસ્જિદોના ઈમામોએ પણ પોતાના બયાનોમાં ચાંદ કઈ રીતે સાબિત થાય ? અને શરીઅતના શા કાનૂન એના માટે છે તે પબ્લિકને અવાર નવાર સમજાવતા રહેવું જોઈએ તો લગભગ ગલતફહમીઓ દૂર થઈ શકે છે.

## ★ ચાંદ કમિટીઓની જાહેરાત શું છે ?! ★

દિલ્હીથી કોઈ કહેવાતો ઈમામ, મુફતી કે અમદાવાદ કે અન્ય કોઈપણ શહેરથી કોઈ મુફતી કે ચાંદ કમિટી અખ્બારમાં કે ટી.વી. પર ચાંદ વિશે જાહેરાત કરી આપે તો **તે સર્વ શહેરો તથા ગામોને લાગુ પડશે નહીં.** એ જે તે શહેરને જ લાગુ પડશે. ભલે કોઈ ચાંદ કમિટીનું નામ "ઈન્ડિયા ચાંદ કમિટી" કે "ગુજરાત ચાંદ કમિટી" કે "મહારાષ્ટ્ર ચાંદ કમિટી" નામ હોય ! એમની જાહેરાત જે તે શહેર પૂરતી હોય છે અને અન્ય લોકો સમાચાર જાણી ગવાહી મેળવવા આવી શકે એટલે હોય છે. જ્યાં ચાંદ ન દેખાયો તેઓ જ્યાં દેખાયો તેમની ફોનથી ખબર નહીં પણ રૂબરૂ ગવાહી મેળવે તો જ ઈદ કે રોઝા રાખે વગેરે સહીહ ગણાશે. નહીં તો ત્રીસની ગણત્રી પૂરી કરે. અન્ય સ્થળોના લોકો માટે એ એક ન્યૂઝ (ખબર) જ ગણાશે, ગવાહી ગણાશે નહીં. માટે જ્યાં ચાંદ દેખાયો હોય ત્યાંના ચાંદ જોનારાઓની ગવાહી તેમજ અન્ય શરીઅત મુજબની પદ્ધતિઓથી સાબિતી મેળવવી આવશ્યક છે. **ફલાણા શહેરના મુફતીએ કે ફલાણી ચાંદ કમિટીએ ચાંદ થયાનું જાહેર કર્યું એટલે આપણે પણ કરી નાખો !**

**એ પદ્ધતિ તદ્દન ગલત છે.**

**તાર, ટેલીફોન, રેડીયો (ટી.વી.) થકી ચાંદ જોયાનું સાબિત થશે નહીં.** કેમ કે એ બધીય રીતે **સાચુ ગણવામાં આવે તો પણ એ ફક્ત ખબર જ ગણાશે ગવાહી નહીં ગણાય.** અને ફક્ત એક ખબરથી ચાંદ સાબિત થઈ શક્તો નથી. એ જ પ્રમાણે બજારૂ અફવાથી, ડાયરીઓ કે કેલેન્ડરો તેમજ પેપરોમાં છપાતી ખબરોથી પણ ચાંદ સાબિત થઈ શક્તો જ નથી.

**<u>ચેતવણી</u>** : ગવાહી લેવામાં ગવાહો સુન્ની (બરેલ્વી) હોવા અનિવાર્ય છે, કોઈ અન્ય ફિર્કા વહાબ્બી, દેવબંદી, અહલે હદીષ, મૌદૂદી, શીઆ, રાફઝી, ખારજી વગેરે કોઈની ગવાહીથી ચાંદ થયાનું સાબિત થશે નહીં.

જે તે ગામોમાં મસ્જિદના ટ્રસ્ટી કે આગેવાન જેઓ જાહેરાત કરતા હોય તેઓ આ બાબતે કાળજી રાખી ચાંદની શરીઅત મુજબ સાબિતી મેળવે પછી જ જાહેરાત કરે, નહીં તો ઈદ, રમઝાન ગલત થશે તેની જિમ્મેદારી તેમની રહેશે. અને પબ્લિકે પણ આ બાબતે સાવચેતી રાખવી જોઈએ.

ચાંદની સાબિતી માટે ઉપરોક્ત શરીઅતના કાનૂનોને લક્ષમાં લેવામાં નહીં આવે અને મન માની રીતે ચાંદની જાહેરાત થશે તો તે કોઈ રીતે જાઈઝ ગણાશે નહીં.

વળી ખાસ અગત્યની વાત એ પણ છે કે કેટલીક ચાંદ કમિટીઓમાં વહાબી, દેવબંદી કે સુલેહકુલ્લી જેવા માણસો પણ તેના હોદ્દેદારો કે સભ્યો હોય છે. સુન્ની વહાબી મિશ્ર





સભ્યો હોય છે, તો આવી ચાંદ કમિટીઓ બિન ભરોસાપાત્ર છે તેમનું એલાન ગણકારવામાં આવશે નહીં.

આ વિષયે **મુજદ્દિદે દીનો મિલ્લત ઈમામ અહમદ રઝાખાં મુહદ્દિષે બરેલ્વી** رضی اللہ عنہ ની કલમે "ષબૂતે હિલાલ કે તરીકે" પુસ્તિકા જેને **અલમજમઉલ ઈસ્લામી મુબારકપુરે** ઉર્દૂમાં પ્રસિદ્ધ કરી જેનો ગુજરાતી અનુવાદ **ચાંદની સાબિતીના સાત તરીકા** આપની સેવામાં રજૂ કરતાં અમો ખુશી અનુભવીએ છીએ.

છેલ્લા સમાચારો મુજબ ચાંદની સાબિતી વિશે અર્વાચીન શોધોના બારામાં ઉલમાના સેમીનારો થઈ રહ્યા છે, જો ઉલમા કોઈ સર્વસંમતિનો હલ એ બાબતે લાવશે તો **બરકાતે ખ્વાજા (માસિક)**માં રજૂ થશે. (ઈન્શાઅલ્લાહ !)

અલ્લાહ તઆલા આપણને સૌને શરીઅતે મુહમ્મદી (ﷺ)ના પવિત્ર તરીકા પર ચાલવાની તૌફીક અતા કરે. આમીન બિજાહિન્નબી કરીમ ﷺ.

**-પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી**

*-તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**મસ્અલા :** (અઝ : બળોદા, ગુજરાત બાળા નવાબ સાહબ, નવાબ સૈયદ મુઈનુદ્દીન હસનખાન બહાદુર, ૨૫–મુહર્રમુલ હરામ, હિ.સ. ૧૩૧૦)

શું ફર્માવે છે દીનના ઉલમા આ મસ્અલામાં કે ચાંદ જોયાનું શરીઅતમાં કઈ રીતે સાબિત થાય છે ? કિતાબોના હવાલાથી ઉર્દૂ તર્જુમા સાથે જવાબ આપશો. બૈયનૂ તુજરૂ.

## الجواب

## અલજવાબ

بسم الله الرحمن الرحيم

الحمد لله الذى جعل الشمس ضياء والقمر نورا۔ والصلوٰة والسلام على من صار الدين بطلوع هلاله بدراً منيراً ۔ و علىٰ اله و صحبه الكاملين نورا۔ والمكملين تنويرا۔

## ચાંદ જોયાની સાબિતી માટે શરીઅતમાં સાત તરીકા છે

### (પ્રથમ તરીકો)

### ★ ચાંદ જોનારની ગવાહી ★

**રમઝાન મુબારકના ચાંદ માટે** એક જ આકિલ, બાલિગ, ગૈર ફાસિકનું કેવળ કહેવું પૂરતુ છે કે, "મેં આ રમઝાન શરીફનો ચાંદ ફલાણા દિવસની સાંજે જોયો," ભલે તેણી બાંદી





હોય. જો કે **"મસ્તૂર"** હાલવાળો હોય જેની આંત્રિક સ્થિતિ ખબર નથી પણ **જાહેરી રીતે શરીઅતનો પાબંદ** છે. ભલે તેનું બયાન મજલિસે કઝા (કાઝીની મજલિસ)માં ન હોય, ભલે ગવાહી આપુ છું ન કહે ન જોવાની સ્થિતિ બયાન કરે કે ક્યાં જોયો, ક્યાં હતો, કેટલો ઊંચે હતો વગેરે.

આવું તે સંજોગોમાં છે કે ૨૯ શાબાને વાદળ સાફ ન હોય, ચાંદની જગાએ વાદળ છવાઈ ગયું હોય અથવા ધુમાડા હોય.

અને વાદળ સાફ હોવાની સ્થિતિમાં જો ઉપર જણાવ્યો તેવા એક માણસ જંગલથી આવ્યો અથવા ઊંચી જગ્યા પર હતો **તો પણ એકનું જ કહેવું પૂરતુ થઈ જશે.** અથવા જોવામાં આવશે કે ત્યાંના મુસલમાન ચાંદ જોવામાં કોશિશ કરતા રહે છે અને મોટી સંખ્યામાં લોકો આ દિશામાં ધ્યાનિત થાય છે કે પછી સુસ્ત છે કે ચાંદ જોવાની પરવા નથી કરતા. બેપરવાહીની સ્થિતિમાં કમસે કમ બે ગવાહની જરૂર રહેશે જેઓ **મસ્તૂર** હોય. નહીં તો **એક મોટી જમાઅતની જરૂર રહેશે કે પોતાની આંખો વડે ચાંદ જોવાનું બયાન કરે** જેના બયાનથી ખૂબ પાકી ધારણા થઈ જાય કે જરૂર ચાંદ થયો, ભલે ગુલામ કે ઉઘાડા ફાસિક હોય અને જો સંખ્યા તવાતુરની હદે (પુષ્કળ) પહોંચી જાય કે બુદ્ધિ એટલી વ્યક્તિઓનું ગલત ખબર પર એકમત થવું અશક્ય જાણવામાં આવે તો એવી ખબર **મુસ્લિમ** તથા **કાફિર** સૌથી સ્વીકાર્ય છે. (આ સર્વ રમઝાનના ચાંદ માટે છે.)

**બાકીના અગ્યાર મહીનાના ચાંદો માટે** દરેક

હાલતમાં કોઈ છૂટછાટ વિના બે પુરૂષ **આદિલ** અથવા એક પુરૂષ અને બે સ્ત્રીઓ **આદિલ,** આઝાદ, **જેનો જાહેરી હાલ તેહકીક સાથે શરીઅતનો પાબંદ** છે તેઓ શરઈ કાઝીની પાસે **"હું ગવાહી આપુ છું"** શબ્દ (અશ્હદ) સાથે ગવાહી આપે એટલે "હું ગવાહી આપુ છું કે મેં આ મહીનાનો ચાંદ ફલાણા દિવસની સાંજે જોયો." અને જ્યાં શરઈ કાઝી ન હોય તો ઈસ્લામના મુફતી એના સ્થાને ગણાશે કે જે તમામ શહેરવાસીઓ કરતાં ફિકહ (દીની જ્ઞાન)માં શ્રેષ્ઠ હોય તેની સમક્ષ ગવાહી આપે. અને જ્યાં કોઈ કાઝી કે મુફતી કોઈ ન હોય તો મજબૂરીને લીધે અન્ય મુસ્લિમોની સમક્ષ આવા **આદિલ બે પુરૂષો** કે **એક પુરૂષ અને બે સ્ત્રીઓનું બયાન "હું ગવાહી આપુ છું" શબ્દો વિના પણ** પૂરતુ ગણાશે.

**આ અગ્યાર મહીનાઓમાં** હમેશાં એ જ ઉપરોક્ત હુકમ છે પણ ઈદોમાં જો વાદળ સાફ હોય અને મુસલમાનો ચાંદ જોવામાં સુસ્તી ન કરતા હોય અને તે બે ગવાહ જેઓ જંગલથી કે ઊંચાઈ પરથી ન આવ્યા હોય તો આ સંજોગોમાં તે જ મોટી જમાઅત (વિશાળ ટોળુ) જોઈએ. અને જ્યાં અન્ય કોઈ ચાંદ દા.ત. મુહર્રમના ચાંદને જોવાની આમ મુસલમાનો વ્યવસ્થા કરતા હોય તો વાદળ સાફ હોવાના સંજોગોમાં જ્યારે ગવાહો જંગલ કે ઊંચાઈ પરથી ન આવે તો જાહેરી તથા ઈજમાઈ રીતે મોટી જમાઅત જ જોઈએ કે જે કારણે તેની કબૂલાત રમઝાન તથા ઈદોમાં કરવામાં આવી હતી તે જે અહીં પણ આવશ્યક છે.





દુર્રે મુખ્તારમાં છે :–

قُبل بلا دعوىٰ و بلا لفظ اشهد و حكم و مجلس قضاء للصوم مع علة كغيم و غبار خبر عدل او مستورلا فاسق اتفاقا ولو قنا اوانثىٰ بيّن كيفية الروية اولا، على المذهب ، و شرط للفطر مع العلة و العدالة نصابُ الشهادة ولفظ اشهد ولو كانوا ببلدة لا حاكم فيها صاموا بقول ثقة و افطروا باخبار عدلين مع العلة للضرورة ، و قبل بلا علة جمعٌ عظيم يقع غلبة الظن بخبرهم۔ و عن الامام يكتفى بشاهدين ۔ وا ختاره فى البحر۔ و صحّح فى الاقضية الاكتفاء بواحد اِن جاء من خارج البلد او كانْ على مكانْ مرتفع۔ واختاره ظهير الدين ۔ و هلال الاضحىٰ و بقية الاشهر التسعة كالفطر على المذهب اهـ مختصراً۔

**તર્જુમો** : "વાદળ તથા ધુમાડાની હાલતમાં રમઝાનના ચાંદ માટે એક **આદિલ** કે **મસ્તૂર** સ્થિતિવાળાની ખબર પૂરતી છે ભલે ગુલામ કે સ્ત્રી હોય, ભલે ચાંદ જોયાની સ્થિતિ વર્ણન કરે કે ન કરે, દાવો અથવા "હું ગવાહી આપુ છું" શબ્દો અથવા હુકમ અથવા (શરઈ) કાઝીની મજલિસ કોઈની શર્ત નથી. **પણ ફાસિકનું બયાન એકમતીએ અસ્વીકાર્ય** છે.

અને **ઈદના માટે વાદળ સાફ ન હોવાના સંજોગો**માં અદાલત સાથે (કાઝી કે હાકિમ સમક્ષ) બે પુરૂષ અથવા એક પુરૂષ બે સ્ત્રીઓની **ગવાહી** શબ્દ (અશ્હદ) **"હું ગવાહી આપુ છું"** સાથે આવશ્યક છે. અને જો એવા શહેરમાં હોય જ્યાં કોઈ ઈસ્લામનો હાકિમ નથી તો જરૂરતના લીધે વાદળ તથા ધૂમાડાના સંજોગોમાં એક **ષિકહ** (પ્રમાણિક્તા, દીનદારી,

તકવામાં મજબૂત) વ્યક્તિના બયાન (કહેવા પર રોઝો રાખે અને **બે આદિલોની ખબર પર** ઈદ કરી લે. અને જ્યારે વાદળ તથા ધૂમાડો ન હોય તો એવી મોટી જમાઅતની ખબર સ્વીકાર્ય થશે જેનાથી પાકી ધારણા થઈ જાય. અને ઈમામથી રિવાયત થયું કે બે ગવાહ પૂરતા છે અને એને જ બહરુર્રાઈકમાં અપનાવવામાં આવ્યું. અને કિતાબુલ અકઝિયામાં ફર્માવ્યું, સહીહ એ છે કે એક (ગવાહ) પણ પૂરતો છે જો તે જંગલથી આવે અથવા ઉચ્ચ સ્થળે હતો. અને એને ઈમામ ઝહીરુદ્દીને અપનાવ્યું અને ઝીલ હજ્જ તથા બાકી નવ મહીનાના ચાંદની સાબિતી માટે એ જ હુકમ છે જે ઈદુલ ફિત્રનો છે.''

રદુલ મુહતારમાં છે :–

شرطُ القبول عند عدم علة فى السماء لهلال الصوم او الفطر اخبارُ جمع عظيم لان التفرد من بين الجم الغفير بالرؤية مع توجههم طالبين لما توجَّهَ هو اليه مع فرض عدم المانع ظاهر فى غلطه ۔ بحر ۔ ولا يشترط فيهم العدالة ۔ امداد ۔ ولا الحرية ۔ قهستانى ۔

قوله " واختاره فى البحر " حيث قال ينبغى العمل على هذه الرواية فى زماننا لان الناس تكاسلت عن ترائى الاهلة فانتفى قولهم مع توجههم طالبين وظاهرا لولوالجية والظهيرية يدل على ان ظاهر الرواية هو اشتراط العدد، والعدد يصدق باثنين أهـ وفى زماننا نشاهد تكاسل الناس فليس فى شهادة الاثنين تفرد من بين الجم الغفير حتى يظهر غلط الشاهد فانتفت علة ظاهر الرواية فتعين الافتاء بالرواية الاخرى وفى كافى الحاكم الذى هو جمع كلام محمد فى كتب ظاهر الرواية تقبل شهادة





المسلم والمسلمة عدلا كان او غير عدل بعدان يشهد انه رأى خارج المصر او انه رآه فى المصر مع علة تمنع العامة من التساوى فى رؤيته اهـ ولا منافاة بينهما لان اشتراط الجمع العظيم اذا كان الشاهد من المصر فى غير مكان مرتفع فالثانية مقيدة لا طلاق الاولى بدليل ان الاولى علل فيها رد الشهادة بان التفرد ظاهر فى الغلط و على ما فى الثانية لم توجد علة الرد و لهذا قال فى المحيط فلا يكون تفرده بالروية خلاف الظاهر ۔

قوله و بقية الا شهر لا يقبل فيها الا شهادة رجلين و رجل و امرأتين عدول احرار غير محدودين كما فى سائر الاحكام ۔ بحر عن شرح مختصر الطحاوى للامام الاسبيجابى ۔ و الظاهر انه فى الاهلة التسعة لا فرق بين الغيم و الصحو فى قبول الرجلين لفقد العلة الموجبة لا شتراط الجمع الكثير و هى توجه الكل طالبين و يؤيده قوله كما فى سائر الاحكام اهـ ملتقطاً ۔

**તર્જુમો** : ''જ્યારે આકાશ સ્વચ્છ હોય ત્યારે રોઝા તથા ઈદના માટે ચાંદ થયાની સાબિતી માટે મોટી જમાઅતની ખબર જરૂરી છે એટલા માટે કે મોટી જમાઅત કે તે પણ ચાંદ જોવામાં વ્યસ્ત હતી એમાંથી બે એક માણસને નજર આવવું જ્યારે કે વાદળ સાફ છે, તે એકાદ બેની ખતા જાહેર કરે છે. એવું જ બહરુર્રાઈકમાં છે. અને જમાઅતમાં અદાલત (કાઝી સમક્ષ હોવું) શર્ત નથી. એવું જ ઈમ્દાદુલ ફતાહમાં છે. ન આઝાદી શર્ત છે એવું કહિસ્તાનીમાં છે.

અને બહરુર્રાઈકમાં ફર્માવ્યું કે જ્યારે લોકો ચાંદ જોવામાં સુસ્તી કરે તો એ રિવાયત પર અમલ કરવો જોઈએ કે બે ગવાહ

પૂરતા છે કે હવે એ કારણ ન રહ્યું કે સર્વ લોકો ચાંદ જોવામાં વ્યસ્ત હતા અને આકાશ સ્વચ્છ હતું તો એ બંનેને નજર આવવું કયાસ વિરૂધ્ધ છે. અને વલ્વજિલ્યા અને ઝહીરિયાથી જાહેર થાય છે કે ઝાહિરુર્રિવાયતમાં કેવળ ગવાહોની સંખ્યાની શર્ત છે અને સંખ્યા બેથી પણ થઈ ગઈ. અને આપણા જમાનામાં લોકોનું આળસ આંખે દેખ્યું છે જેથી બે જણની ગવાહીને એવું કહીશું નહીં કે, બહુમતી લોકોના સામે તેમને કેવી રીતે નજર આવી ગયો ! કે જેનાથી ગવાહની ગલતી જાહેર થાય. તો ઝાહિર રિવાયતનું દર્શાવેલ કારણ ન રહ્યું જેથી આ બીજી રિવાયત પર ફત્વો આપવો લાઝિમ થયો. અને કાફી હાકિમમાં જેમાં ઈમામ મુહમ્મદનું તમામ કલામ ઝાહિરુર્રિવાયત કિતાબોના એકત્ર કરી આપેલ છે. તે એ પ્રમાણે છે કે, ''રમઝાનમાં એક મુસલમાન પુરૂષ કે સ્ત્રી આદિલ કે મસ્તૂર હાલવાળાની ગવાહી સ્વીકાર્ય છે, જ્યારે કે એવી ગવાહી આપે કે તેણે જંગલમાં જોયો અથવા શહેરમાં જોયો અને કોઈ સબબ એવો હતો જેના કારણે બીજા લોકોને ન દેખાયો. અને એ બે રિવાયતોમાં વિરોધાભાસ નથી કારણ કે મોટી જમાઅત (અધિક સંખ્યા)ની શર્ત ત્યાં છે કે ગવાહ શહેરમાં ઊંચી સ્થળ પર હોય. જેથી આ પાછલી રિવાયત પહેલીને લાગુ થવાની કેદ બતાવે (શરત બને) છે અને એના પર દલીલ એ છે કે પહેલીમાં એકની ગવાહી ન માનવાનું કારણ એ દર્શાવ્યું હતું કે ''એકલું એનું જોવું ગલતીમાં જાહેર છે.'' અને આ પાછલી સ્થિતિમાં એટલે કે જ્યારે જંગલમાં અથવા ઊંચા સ્થાને હતો એ રદ કરવાનું એમાં જોવા ન મળ્યું. એટલા માટે ''મુહીત''માં ફર્માવ્યું કે, ''આ સંજોગોમાં એકલા એનું જોવું જાહેરની વિરૂદ્ધ થશે નહીં.''





અને બાકીના નવ મહીનાઓમાં સ્વીકાર્ય થશે નહીં પણ ગવાહી બે પુરૂષો અથવા એક પુરૂષ બે ઔરતો આદિલ આઝાદ (લોંડી નહીં)ની જેના પર હદ્દે કઝફ (જૂઠી તોહમતની સજા) ન લાગી ચૂકેલ હોય જેમ કે અન્ય તમામ મામલાઓમાં એ નિયમ છે. એ જ પ્રમાણે બહરુર્રાઈકમાં ઈમામ અસ્બીજાબીની સંક્ષિપ્ત શરહ તહાવીથી છે અને જાહેર એ છે કે એ નવ ચાંદોમાં વાદળ સાફ હોય તથા સાફ ન હોવાનો કાંઈ ફર્ક નથી, દરેક સંજોગોમાં બેની ગવાહી સ્વીકાર્ય થશે. કેમ કે તે કારણે જે ત્યાં મોટી જમાઅત (અધિક લોકો)ના સબબે હતું કે સૌ ચાંદને તલાશ કરે છે તે અહીં મૌજૂદ નથી કે તે નવ મહીનાના ચાંદો સામાન્ય લોકો તલાશ નથી કરતા, અને ઈમામ અસ્બીજાબીનું તે ફર્માન એનું સમર્થન કરે છે કે એમાં તે જરૂરી છે જે બાકી તમામ મામલાઓમાં જરૂરી છે.

હદીક નદિય્યહમાં છે :–

اذاخلاالزمان من سلطان ذی کفایة فالامور موکلة الی العلماء ویلزم الامة
الرجوع الیهم و یصیرون ولا ة فاِذا عسُر جمعهم علی واحد استقل کل قطر
باتباع علمائه فان کثروا فالمتبع اعلمهم فان استووا اقرع بینهم۔

**તર્જુમો** : ''જ્યારે સમય એવા સુલ્તાનથી ખાલી હોય કે જે શરઈ મામલાઓમાં દેખભાળ કરી શકે તો શરઈ સર્વ કામો ઉલમા (આલિમો)ને સુપ્રત થશે અને મુસલમાનો પર લાઝિમ થશે કે પોતાના સર્વ શરીઅતને લગતા મામલાઓમાં તેમના પ્રતિ રજૂઅ કરે. તે ઉલમા જ કાઝી તથા હાકિમ સમજવામાં આવશે. પછી જો સર્વ મુસલમાનોની એક આલિમ પર એકમતી થવી મુશ્કેલ હોય તો દરેક જિલ્લાના લોકો પોતાના આલિમોનું

અનુસરણ કરે. જો જિલ્લામાં અધિક પ્રમાણમાં આલિમો હોય તો જે સૌમાં વિશેષ શરઈ અહકામ (શરીઅતના હુકમો)નો ઈલ્મ ધરાવતો હોય તેનું અનુસરણ કરવામાં આવે અને જો ઈલ્મમાં સમાન હોય તો ડ્રો પદ્ધતિ અપનાવવામાં આવે.

(બીજો તરીકો)

## ★ ગવાહીની ગવાહી ★

બે **ગવાહોએ ચાંદ પોતે નથી જોયો** બલ્કે **જોનારાઓએ તેમના સમક્ષ ગવાહી આપી** અને **પોતાની ગવાહી પર તેઓને ગવાહ કર્યા, તેમણે એ ગવાહની ગવાહી આપી.**

આવું ત્યાં છે જ્યાં અસલ ગવાહો હાજરીથી લાચાર હોય. અને એનો તરીકો એ છે કે, "અસલ ગવાહ, ગવાહ થનારાને કહે કે **મારી આ ગવાહી પર ગવાહ થઈ જાવ કે હું ગવાહી આપુ છું કે મેં ફલાણા મહીના ફલાણી સનનો ચાંદ ફલાણા દિવસની સાંજે જોયો.** અને ગવાહ થનાર અહીં આવીને આ પ્રમાણે ગવાહી આપે કે **હું ગવાહી આપુ છું કે ફલાણાના પુત્ર ફલાણાએ (તથા ફલાણાના પુત્ર ફલાણાએ) મને પોતાની એ ગવાહી પર ગવાહ બનાવ્યો કે ફલાણાના પુત્ર ફલાણાએ ફલાણા મહીના ફલાણી સનનો ચાંદ ફલાણા દિવસની સાંજે જોયો અને ફલાણાના પુત્ર ફલાણાએ મને કહ્યું કે મારી ગવાહી પર ગવાહ થઈ જાવ."**

વળી ચાંદ જોયાની અસલ ગવાહીમાં હાલતો (સંજોગો)ના





ફેરફાર સાથે જે હુકમો લાગુ થાય તેનો લેહાઝ રાખવો જરૂરી છે. દા.ત. રમઝાન મહીનામાં વાદળ સાફ હોવાના સંજોગોમાં કેવળ એકની ગવાહી સાંભળવામાં ન આવવી જોઈએ, જ્યાં સુધી જંગલમાં કે ઊંચાઈવાળા સ્થાનેથી જોવામાં આવ્યાનું બયાન ન કરવામાં આવે, નહીં તો તેની શહાદત (ગવાહી) અને તેની ગવાહી પર પણ કેવળ એક જ ગવાહ ભલે બાંદી મસ્તૂર હાલ હોય તે પૂરતી છે. અને બાકીના મહીનાઓમાં એ તો હમેશાં જરૂરી છે કે દરેક ગવાહની ગવાહી માટે બે પુરૂષ અથવા એક પુરૂષ બે સ્ત્રીઓ આદિલ ગવાહ બને, ભલે એ જ બંનેવ ગવાહો તે બંને અસલ માટે દરેકના ગવાહ હોય. દા.ત. જ્યાં ઈદોમાં કેવળ બે આદિલોની ગવાહી સ્વીકાર્ય છે. "ઝયદ' તથા "અમ્ર" બંને આદિલોએ ચાંદ જોયો અને દરેકે પોતાની ગવાહી પર "બકર" તથા "ખાલિદ" બે આદિલ ગવાહોને ગવાહ કરી દીધા કે અહીં આવીને "બકર" અને "ખાલિદ" દરેકે "ઝયદ" તથા "અમ્ર" બંનેની ગવાહી પર ગવાહી આપી તો એ પૂરતુ છે. **એવું જરૂરી નથી કે દરેક ગવાહના અલગ અલગ બે ગવાહો હોય.** અને એ પણ જાઈઝ છે કે અસલ ગવાહ ખૂદ આવીને ગવાહી આપે અને બીજો ગવાહ પોતાની ગવાહી પર બે અલગ ગવાહો કરીને મોકલે. હા ! એ જાઈઝ કે એક ગવાહ અસલના બે ગવાહો બને અને તે બનેમાંથી એક ખૂદ પોતાની (સ્વ) જાતે ગવાહી પણ આપે.

દુર્રે મુખ્તારમાં છે :–

الشهادة على الشهادة مقبولة و ان كثرت استحساناً فى كل حق على

الصحيح ـ الا فى حد و قود ـ بشرط تعذّر حضور الاصل بمرض او

سفر۔ واکتفی الثانی بغیبته بحیث یتعذر ان یبیت باهله واستحسنه غیر واحد ۔ و فی القهستانی والسراجیة و علیه الفتویٰ ، واقره المصنف۔ او کون المرأة مخدرة لا تخالط الرجال و ان خرجت لحاجة و حمام ۔ قنیة۔ عند الشهادة عند القاضی قید للکل و بشرط شهادة عدد نصاب ولو رجلا و امرأتین عن کل اصل ولو امرأة لا تغایر فرعی هذا و ذاك۔ و کیفیتها ان یقول الاصل مخاطبا للفرع ولو ابنه۔ بحر۔ اشهد علی شهادتی انی اشهد بکذا و یقول الفرع اشهد ان فلانا اشهدنی علی شهادته بکذا و قال لی اشهد علی شهادتی بذالك اهـ مختصراً۔

**તર્જુમો :** "ગવાહી પર ગવાહી સ્વીકાર્ય છે, **ભલે એક પછી એક કેટલાય દરજા સુધી પહોંચે.** દા.ત. અસલ ગવાહોએ ઝયદ તથા અમ્રને ગવાહ બનાવ્યા. તેમણે પોતાની આ શહાદત (ગવાહી)ની શહાદત પર બકર તથા ખાલિદને ગવાહ કરી આપ્યા. ખાલિદે પોતાની આ ગવાહીની ગવાહી પર સઈદ તથા હમીદને ગવાહ બનાવી લીધા, એ પ્રમાણે આગળ ગવાહ બનતા જાય. અને સહીહ મઝહબ પર આ બાબત હદો (શરઈ સજાઓ) તથા કેસાસના સિવાય દરેકના હક્કમાં જાઈઝ છે, એ શર્તે કે જે વખતે કાઝીની સમક્ષ ગવાહી અદા થઈ તે વખતે ત્યાં અસલ ગવાહનું આવવું બીમારી કે સફર અથવા સ્ત્રી પર્દાનશીન હોવાને કારણે મઅઝૂર હોય. અને ઈમામ અબૂ યૂસુફની નજીક ત્રણ મંઝિલ દૂર હોવું જરૂરી નથી બલ્કે એટલી દૂરી પૂરતી છે કે ગવાહી આપીને રાતે પોતાના ઘરે પહોંચી શકે. ઘણા મશાઈખે એ કૌલને પસંદ કર્યો. અને કુહસ્તાની તથા સિરાજિયામાં છે કે એના પર ફત્વો છે.





લેખકે એને સિદ્ધ (સાબિત) થયેલ રાખ્યું. અને સ્ત્રીની પર્દાનશીની એ કે પુરૂષોના મજમાથી બચતી હોય ભલે પોતાની કોઈ જરૂરતના માટે બહાર નીકળે કે હમામ જાય. એવું જ કનિયહમાં છે. અને એ પણ શર્ત છે કે દરેક અસલ ગવાહ ભલે સ્ત્રીની ગવાહી પૂરો શહાદતનો નિસાબ એટલે બે પુરૂષ અથવા એક પુરૂષ બે સ્ત્રીઓ ગવાહી આપે. હા, એ જરૂરી નથી કે દરેક ગવાહ અસલના બે બે અલગ અલગ ગવાહો હોય. અને એની સ્થિતિ એ છે કે અસલ ગવાહ એ ગવાહ બનનારને ભલે તે તેનો પુત્ર હોય પણ સંબોધે કે **તું મારી આ ગવાહી પર ગવાહ થઈ જા કે હું ગવાહી આ આપું છું.** અને ગવાહ થનાર ગવાહી અદા કરે કે **હું ગવાહી આપું છું કે ફલાણાએ પોતાની આ ગવાહી પર ગવાહ બનાવ્યો** અને **મને કહ્યું કે મારી આ ગવાહી પર ગવાહ થઈ જા."**

એના રમઝાન માટે ચાંદ જોવાના બયાનમાં છે :–

و تقبل شهادة واحد علیٰ اٰخر کعبد و انثی ولو علی مثله۔

**તર્જુમો :** એકની ગવાહી બીજા પર, દા.ત. ગુલામ અથવા સ્ત્રીની ગવાહી જો કે પોતાની જ જેવા પર રમઝાનના ચાંદ માટે સ્વીકાર્ય છે જ્યારે કે એકની ગવાહી ત્યાં અસ્વીકાર્ય થવાને પાત્ર હોય જેમ કે વાદળ સાફ ન હોવાના સંજોગોમાં.

રદ્દુલ મુહતારમાં છે :–

لو شهدا علی شهادة رجل واحد هما یشهد بنفسه ایضا لم یجز کذا فی محیط السرخسی ۔فتاویٰ الهندیه۔ ولو شهد واحد علی شهادة نفسه و اٰخران علی شهادة غیره یصح ۔ صرح به فی البزازیة اهـ مختصراً۔

**તર્જુમો** : "જો બે ગવાહોએ એક પુરૂષની ગવાહી પર ગવાહી આપી અને તેઓમાં એક ખૂદ જાતે પોતે ગવાહ છે તો એ **જાઇઝ નથી.** એવું ફતાવા આલમગીરીમાં મુહીત ઈમામ સરખસીથી છે. અને **જો એક જણે ખૂદ ગવાહી આપી અને બીજા બે જણાએ બીજા શખ્સની ગવાહી પર ગવાહી આપી તો એ દુરુસ્ત** છે. બઝાઝિયહમાં એની સ્પષ્ટતા છે."

ફતાવા આલમગીરીમાં ઝખીરાથી છે :–

ينبغى ان يذكر الفرع اسم الشاهد الاصل و اسم ابيه و جده حتى لو ترك ذالك فالقاضى لا يقبل شهادتهما۔

**તર્જુમો** : "અસલ ગવાહના ગવાહ બનનારે જોઈએ કે અસલ ગવાહ અને તેના બાપ તથા દાદા સૌનાં નામનો ઉલ્લેખ કરે એટલે સુધી કે જો તેને છોડી આપશે તો હાકિમ તેની ગવાહ કબૂલ નહીં કરે."

ગવાહી પર ગવાહી આપવામાં એ પણ જરૂરી છે કે તેના પ્રમાણે હુકમ થતા સુધી અસલ ગવાહો પણ ગવાહ થવાની લાયકાત પર કાયમ રહે અને શહાદતને (ગવાહીને) ન જૂઠલાવે. દા.ત. અસલ ગવાહના ગવાહ થનારાઓએ હજી ગવાહી નથી આપી અથવા આપી પણ હજુ તેના પર હુકમ થયો ન હતો એવામાં અસલ ગવાહોમાંનો કોઈ ગવાહ આંધળો, ગુંગો કે પાગલ થઈ ગયો અથવા મઆઝલ્લાહ ! મુર્તદ થઈ (દીનથી ફરી) ગયો અથવા કહ્યું કે મેં તે ગવાહોને મારી ગવાહીના ગવાહ કર્યા ન હતા અથવા ગલતીથી ગવાહ કરી આપ્યા હતા, તો એ ગવાહી બાતિલ થઈ જશે.





દુર્રે મુખ્તારમાં છે :–

تبطل شهادة الفروع بخروج اصله عن اهليتها كخرس و عمى و بانكار اصله الشهادة كقولهم ما لنا شهادة او لم نشهد هم او اشهدنا هم و غلطنااهـ مختصراً۔ ***(અર્થ ઉપર મુજબ)***

(ત્રીજો તરીકો)

## ★ શહાદત અલલ કઝા એટલે કાઝીની રૂબરૂ રહી ગવાહ થવું ★

એટલે અન્ય કોઈ ઈસ્લામી શહેરમાં ઈસ્લામી હાકિમ શરઈ કાઝીની સમક્ષ ચાંદ જોવા બાબતે ગવાહીઓ ગુજરી અને તેણે ચાંદ થવાની સાબિતીનો હુકમ આપ્યો. બે આદિલ શાહિદો (ગવાહો) તે ગવાહી તથા હુકમ વખતે દારુલ કઝા (ન્યાયાલય)માં હાજર હતા. તેમણે અહીં (પોતાને ત્યાં) ઈસ્લામી હાકિમ કાઝીએ શરઅ અથવા તે ન હોય તો મુફતી સમક્ષ કહ્યું કે, **"અમે ગવાહી આપીએ છીએ કે અમારી સમક્ષ ફલાણા શહેરના ફલાણા હાકિમની રૂબરૂ ફલાણા ચાંદના બાબતે ફલાણા દિવસની સાંજે ચાંદ થયાની ગવાહીઓ ગુજરી અને તે હાકિમે એ ગવાહીઓ પર ચાંદની સાબિતી તે સાંજે ફલાણા દિવસનો હુકમ આપ્યો.**

ફત્હુલ કદીર શરહે હિદાયામાં છે :–

لو شهدوا ان قاضى بلدة كذا شهد عنده اثنان بروية الهلال فى ليلة كذا و قضى بشهادتهما جاز لهذا القاضى ان يحكم بشهادتهما لان قضاء القاضى حجة و قد شهدوا به۔

એ જ પ્રમાણે ફતાવા કાઝીખાન તથા ફતાવા ખુલાસા વગેરેમાં છે.

قلت و قيد ه فى التنوير تبعاً للذخيرة عن مجموع النوازل باستجماع شرائط الدعوىٰ و وجهه العلامة الشامى بتوجيهين لنا فى كل منهما كلام حققنا ه فيما عليه علقناه فراجعه ثمه فانه من الفوائد المهمة۔

(ચોથો તરીકો)

## ★ એક કાઝી થકી બીજા કાઝીને લખાણ ★

એટલે કે કાઝીએ શરઅ (ઈસ્લામી ન્યાયાધીશ) જેને ઈસ્લામી સુલ્તાને કેસોના ફેંસલાઓ માટે નિયુક્ત કર્યો હોય તેની સમક્ષ શરઈ ગવાહી ગુજરી. તેણે બીજા શહેરના કાઝીએ શરઅના નામે પત્ર લખ્યો કે મારી સમક્ષ આ વિષયે શરઈ ગવાહી કાયમ થઈ અને તે પત્રમાં પોતાનું તથા પત્ર જેની પાસે મોકલ્યો તેનું નામ તથા ઓળખ પૂરી લખી જેનાથી પૂરતો ફરક સાબિત થાય. અને તે પત્ર બે આદિલ ગવાહોને સુપ્રત કર્યો કે આ મારો પત્ર ફલાણા શહેરના કાઝી (હાલના "કાઝી" અટકવાળા કે કહેવાતા "શહેર કાઝી" નહીં ! બલ્કે મહાન આલિમ ઈસ્લામી ન્યાયધીશ)ને નામે છે. તે સાવચેતીપૂર્વક તે કાઝીની પાસે લાવે અને ગવાહી આપે કે આપના નામે આ પત્ર ફલાણા શહેરના ફલાણા કાઝીએ અમને આપ્યો અને અમને ગવાહ કર્યા કે આ પત્ર તેનો છે. હવે તે કાઝી જો એ ગવાહીને પોતાના મઝહબ અનુસાર સાબિતી માટે પૂરતી સમજે તો એના પર અમલ કરી શકે છે.

(અને બેહતર એ છે કે પત્ર લખનાર કાઝી તે ગવાહોને સંભળાવી આપે અથવા તેનું લખાણ દર્શાવી આપે અને પત્ર





બંધ કરીને તેમની સમક્ષ સીલ કરી આપે. અને અફઝલ એ છે કે તેનું લખાણ એક ખુલ્લા કાગળ પર અલગ લખીને પણ તે ગવાહોને આપી દે કે તેને યાદ કરતા રહે અને તેઓ આવીને લખાણ પર પણ ગવાહી આપે કે પત્રમાં આ પ્રમાણે લખ્યું છે. સીલબંધ પત્ર તે કાઝીને હવાલે કરે એ અધિક સાવચેતી માટે છે. નહીં તો એ પણ પૂરતુ છે કે બે પુરૂષો અથવા એક પુરૂષ બે સ્ત્રીઓ આદિલને પત્ર સુપ્રત કરીને ગવાહ કરી લે અને તેઓ સાવચેતીપૂર્વક અહીં લાવીને ગવાહી આપે.)

આવું કર્યા વિના પત્ર જો ટપાલમાં મોકલી દેવામાં આવે અથવા પોતાના માણસ સાથે મોકલી આપ્યો તો હરગિઝ સ્વીકાર્ય નથી, ભલે તે પત્ર તે કાઝીનો જણાતો હોય અને તેના પર તેની અને તેની કચેરીના સહી સિક્કા પણ થયેલા હોય.

(અને એ પણ જરૂરી છે કે જ્યાં સુધી આ પત્ર જે કાઝીને પહોંચાડવાનો છે તેને પહોંચે અને તે તેને વાંચી લે ત્યાં સુધી પત્ર લખનાર જીવતો રહે અને હોદ્દાથી બરતરફ ન થાય, નહીં તો જો પત્ર વાંચવામાં આવે તે પહેલાં મરી ગયો અથવા હોદ્દાથી અલગ થઈ ગયો તો એના પર અમલ થશે નહીં. અને જિંદગીની હાલતમાં એ જરૂરી છે કે જ્યાં સુધી પત્ર મેળવનાર એ પત્રના પ્રમાણે હુકમ ન કરી લે ત્યાં સુધી લખનાર કાઝીના હોદ્દાને લાયક રહે, નહીં તો જો હુકમથી પહેલાં લખનાર પાગલ કે મુર્તદ કે આંધળો થઈ ગયો તો પણ પત્ર બેકાર થઈ જશે.)

દુર્રે મુખ્તારમાં છે :–

القاضى يكتب الى القاضى بحكمه و ان لم يحكم كتب الشهادة ليحكم المكتوب اليه بها على رائه و قرأ الكتاب عليهم او اعلمهم

بما فيه و ختم عند هم و سلم اليهم بعد كتابة عنوانه و هو ان يكتب فيه اسمه و اسم المكتوب اليه و شهرتهما و اكتفى الثانى بان يشهد هم انه كتابه و عليه الفتوىٰ۔ (و يبطل الكتاب بموت الكاتب و عزله قبل القراء ة و بجنون الكاتب وردته وحده لقذف و عمائه لخروجه عن الاهلية) و كذا بموت المكتوب اليه و خروجه عن الاهلية والا اذ اعمم۔

ولا يقبل كتاب القاضى من محكم بل من قاض مولى من قبل الامام۔

***(જેનો ભાવાર્થ ઉપરના લખાણ મુજબ છે.)***

દુરર તથા ગુરરમાં છે :–

لا يقبله ايضا الا بشهادة رجلين او رجل وامرأتين لان الكتاب قد يزوراذ الخط يشبه الخط والخاتم يشبه الخاتم فلا يثبت الا بحجة تامة۔

(પાંચમો તરીકો)

## ★ ઈસ્તેફાદા ★

**(એક શહેરથી બીજા શહેર ટોળીઓ થકી ખબર)**

એટલે કે જે ઈસ્લામી શહેરમાં હાકિમે શરઅ કાઝીએ ઈસ્લામ હોય કે ચાંદના હુકમો તેને ત્યાંથી બહાર પડે છે અને તે ખૂદ આલિમ છે તથા એ અહકામમાં ઈલ્મ પર આમિલ તથા કાયમ છે. અથવા કોઈ વિ□ાસપાત્ર આલિમે દીન મુહક્કિક પર આધાર રાખનાર છે. અથવા જ્યાં શરઈ કાઝી નથી તો ઈસ્લામનો મુફતી પબ્લિકને રજૂઅ થવા માટે તથા હુકમો બહાર પાડવા માટે હોય કે રોઝા તથા ઈદોના હુકમો





તેના ફત્વાથી લાગુ થાય છે અને પબ્લિક જાતે પોતે ઈદો તથા રમઝાન નથી ઠરાવી લેતી, ત્યાંથી **વિવિધ ટોળીઓ આવી અને સૌ એકી ઝબાને પોતાના ઈલ્મથી ખબર આપે** કે ત્યાં ફલાણા દિવસે ચાંદ જોવાને કારણે રોઝા થયા કે ઈદ થઈ.

બજારૂ અફવા કે ખબર ઉડી ગઈ અને કહેનારનો પતો નથી ! પૂછવામાં આવે તો એ જ જવાબ મળે છે કે સાંભળ્યું છે ! અથવા લોકો કહે છે ! અથવા બહુ ભાળ મળી તો કોઈ અજાણ્યાની અંતિમ કક્ષાએ સાબિતીના છેડે બે એક જણાની કેવળ વાત કે તેમણે બયાન કર્યું અને ક્રમે ક્રમે વાત ફેલાઈ ગઈ. આવી ખબર હરગિઝ ''ઈસ્તેફાદા'' નથી.

બલ્કે ખૂદ ત્યાંથી આવેલી વિવિધ જમાઅતો (ટોળીઓ) માટે જરૂરી છે જેઓ એકમતીએ તે ખબર આપે.

આ ખબર જો કે ન ખૂદ પોતે ચાંદ જોયાની ગવાહી છે, ન કોઈ ગવાહી પર ગવાહી છે ન કાઝીના ન્યાયાલય (કઝા)માં ગુજરેલ ગવાહી અને તેના પરથી થયેલ હુકમની ગવાહી, ન કાઝીના લખાણની ગવાહી છતાં પણ **આ પ્રાપ્ત થયેલી ખબરથી** યકીનની સાથે અથવા એવા ગુમાનથી જે યકીનની સાથે હોય ત્યાં **રમઝાન કે ઈદના ચાંદનું થવું સાબિત થશે** અને જ્યારે કે તે શહેર ઈસ્લામી અને અહકામ (હુકમો) તથા હાકિમની ત્યાં કાયમી પાબંદી છે તો જરૂર સ્વીકાર્ય થશે કે એ પ્રમાણે હુકમથી થયું, તો એ તરીકાથી કે કાઝીના ફેંસલા શરીઅતની દલીલ છે, સાબિત થઈ જશે. અથવા એવા ગુમાનથી જે યકીનની સાથે હોય ત્યાં રમઝાન કે ઈદના ચાંદનું

થવું સાબિત થશે. અને જયારે કે તે શહેર ઈસ્લામી અને અહકામ (હુકમો) તથા હાકિમતની ત્યાં કાયમી પાબંદી છે તો જરૂર સ્વીકાર્ય થશે કે એ પ્રમાણે હુકમથી થયું, તો એ તરીકાથી કે કાઝીના ફેંસલા શરીઅતની દલીલ છે, સાબિત થઈ જશે.

અને આ પરથી સ્પષ્ટ થયું કે શહેરથી અલગ જ્યાં કોઈ શરઈ કાઝી કે ઈસ્લામી મુફતી નથી અથવા મુફતી છે પણ ગેરલાયક જેને ખૂદ શરીઅતના હુકમોની તમીઝ નથી જેમ કે આજકાલ ઘણા કાચુ કાપનારા દાવેદારો ખાસ કરીને વહાબી, ગૈર મુકલ્લિદો વગેરે ફાજિરો અથવા અમુક એવા સ્વભાવે સારા સુન્ની પણ ઈલ્મથી અધૂરા, બિન અનુભવી અથવા મુફતી મુહક્કિક વિ□સનીય આલિમ મુસ્તનદ છે છતાં પણ નાફર્માન પબ્લિક તેના હુકમોની રાહ જોનારી નથી, પણ આગળ વધીને પોતાના ફાસિદ કયાસો વડે જયારે ચાહે ઈદ તથા રમઝાન ઠેરવી લે છે એવા શહેરની (ચાંદ વિશે) ખ્યાતિ બલ્કે તવાતુર (પુષ્કળ ખબર આપનારા) પણ મુદ્દલે સ્વીકારને પાત્ર નથી કે એના થકી કોઈ શરીઅતની બાબતે દલીલની સાબિતી થશે નહીં.

દુર્રે મુખ્તારમાં છે :–

شهدوا انه شهد عند قاضی مصر كذا شاهدان برؤية الهلال ، و قضى به قضى القاضى بشهادتهما لان قضاء القاضى حجة و شهدوا به، لا لو شهدوا برؤية غيرهم ، لا نه حكاية ، نعم لو استفاض الخبر فی البلدة الاخریٰ لزمهم على الصحيح من المذهب۔ مجتبیٰ وغيره۔

રદુલ મુહતારમાં છે :–

هذه الا ستفاضة ليس فيها شهادة على قضاء قاض، ولا على شهادة،





لكن لما كانت بمنزلة الخبر المتواتر ، و قد ثبت بها ان اهل تلك البلدة صاموا يوم كذا لزم العمل بها، لان البلدة لا تخلو عن حاكم شرعى عادة ، فلا بد من ان يكون صومهم مبنياً على حكم حاكمهم الشرعى فكانت تلك الاستفاضه بمعنى نقل الحكم المذكور۔ الخ

એમાં જ છે :–

قال الرحمتى معنى الاستفاضةً ان تاتى من تلك البلدة جماعات متعددون كل منهم يخبر عن اهل تلك البلدة انهم صاموا عن روية لا مجرد الشيوع من غير علم بمن اشاعه، كما قد تشيع اخبار يتحدث بها سائراهل البلدة ، ولا يعلم من اشاعها كما ورد ان فى اخرالزمان يجلس الشيطٰن بين الجماعة ، ويتكلم بالكلمة فيتحدثون بها، و يقولون لا ندرى من قالها فمن هذا لا ينبغى ان يسمع فضلاً من ان يثبت به حكم۔ اهـ قلت وهو كلام حسن و يشير اليه قول الذخيرة اذا استفاض و تحقق فان التحقق لا يوجد بمجرد الشيوع۔

تنبیہ الغافل والوَسنان علی احکام ھلال رمضان میں ہے:

لما كانت الاستفاضه بمنزلة الخبر المتواتر و قد ثبت بها ان اهل تلك البلدة صاموا لزم العمل لان المراد بها بلدة فيها حاكم شرعى الخ۔

ઈસ્તેફાદા વિશે આ તેહકીક અલ્લામા શામીની છે અને આ શરતો પર એ તકદીર જરૂરી છે કે રોઝો તથા ઈદ હાકિમના હુકમના કારણે શરીઅતનો આલિમ અહકામનો પાબંદ હોય

છે. અને એક સ્થિતિ એ પણ ધારો કે બીજા શહેરથી મોટી ટોળીઓ આવી અને સૌ એકમતીથી બયાન કરે કે ત્યાં અમારી સમક્ષ સામાન્ય લોકો પોતાની આંખથી ચાંદ જોયાનું વર્ણન કરતા હતા. જેમનું બયાન શરીઅતના મુજબ યકીનને પાત્ર હતું. જાહેરી રીતે આ તકદીર પર ત્યાં કોઈ એવો શરઈ હાકિમનું હોવું જરૂરી નથી જાતે પોતે જોવું એ શરીઅત મુજબની દલીલ છે :

لقوله صلی الله تعالیٰ علیه وسلم صوموا لرویته و افطروا لرویته

જ્યારે જમાઅતે તવાતુર (પુષ્કળ ટોળીઓ) બીજી મોટી ટોળીઓને તેમણે જોયેલાનું નકલ કરે છે **તો ચાંદ જોયાનું યકીન સાથે સાબિત થઈ ગયું અને ગવાહીની હાજત ન રહી,** કેમ કે હુકમોની સાબિતી માટે **તવાતુર પણ શહાદતના (ગવાહીના) સ્થાને છે બલ્કે એનાથીય અધિક મજબૂત છે કે ગવાહી જો તવાતુરની વિરૂધ્ધ આવી જાય તો તેને રદ કરી દેવામાં આવે** અને નકાર પર તવાતુર સ્વીકાર્ય છે અને ગવાહી અસ્વીકાર્ય.

આલમગીરીમાં મુહીતથી છે :–

ان وجد کلهم غیر ثقات یعتمد علی ذالك بتواتر الاخبار۔

દુર્રે મુખ્તારમાં છે :– شهادة النفی المتواتر مقبولة۔

રદુલ મુહતારમાં છે :–

فی النوادر عن الثانی شهدا علیه بقول او فعل یلزم علیه بذلك اجارة او بیع او کتابة او طلاق او عتاق او قتل او قصاص فی مکان او زمان او صفات فبرهن المشهود علیه انه لم یکن ثمه یومئذ لا تقبل ، لکن قال المحیط فی الحادی و الخمسین ان





تواتر عند الناس و علم الکل عدم کونه فی ذلك المکان والزمان لا تسمع الدعویٰ و یقضی بفراغ الذمة لانه یلزم تکذیب الثابت بالضرورة۔

અફૂદ્દરિયહમાં ફતાવા સગીરીથી છે :–

البینة اذا قامت علی خلاف المشهور المتواتر لا تقبل وهوان یشتهر و یسمع من قوم کثیر لا یتصور اجتماعهم علی الکذب۔

ઉલમાના કથન દા.ત. દુર્રે મુખ્તારમાં દર્શાવેલ કૌલ :–

**لو استفاض الخبر فی البلدة الاخریٰ**

અને ઝખીરાના કથન :–

قال شمس الائمة الحلوائی الصحیح من مذهب اصحابنا ان الخبر اذااستفاض و تحقق فیما بین اهل البلدة الاخریٰ یلزمهم حکم هذه البلدة وغیرذالك۔

વિના શંકાએ એ સ્થિતિમાં પણ સામેલ છે.

والله تعالیٰ اعلم باحکامه۔

(છઠ્ઠો તરીકો)

**★ ઈકમાલે ઈદ્દત (ત્રીસની ગણત્રી પૂરી કરવી) ★**

એટલે કે જ્યારે એક મહીનાના ત્રીસ દિવસો પૂરા થઈ જાય તો આવનાર મહીનાનો ચાંદ આપોઆપ જ સાબિત થઈ જશે ભલે તેને માટે ચાંદ જોવું, શહાદત (ગવાહી), હુકમ, ઈસ્તેફાદા વગેરે કાંઈ ન હોય. મહીનો ત્રીસથી વિશેષ ન હોવો યકીની છે.

રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું :–

فان غم علیکم فاکملوا العدة ثلثین۔ જો ૨૯ના આકાશ સાફ

ન હોય તો ૩૦ની ગણત્રી પૂરી કરી લો.

رواه الشيخان عن ابن عمر رضى الله تعالىٰ عنهما۔

આ તરીકો આકાશ સ્વચ્છ હોવાની સ્થિતિમાં પૂરતો છે, ભલે ચાંદ ન દેખાયો **જ્યારે કે પાછલો ચાંદ સ્પષ્ટ દેખાયને** અથવા **બે આદિલ ગવાહોની શહાદતથી સાબિત થયેલો હોય.** હા, **જો એક ગવાહની ગવાહી પર** રમઝાન માની લીધી અને એ હિસાબથી ત્રીસ દિવસ આજે પૂરા થઈ ગયા અને હવે આકાશ સ્વચ્છ છે અને ઈદનો ચાંદ નથી દેખાતો તો આ ત્રીસની ગણત્રી પૂરી કરવી પૂરતું ન થશે બલ્કે સવારે એક રોઝો અધિક રાખે કે આગલા ચાંદની (રમઝાનના) સાબિતી પૂરી દલીલથી ન હતી અને આકાશ સ્વચ્છ હોવાના સંજોગોમાં ત્રીસ પછી પણ ચાંદનું ન દેખાવું સાફ ગવાહ છે કે તે ગવાહે (રમઝાનનો ચાંદ જોવામાં) ગલતી કરી. અને **જો તે ચાંદની સંપૂર્ણ રીતે ગવાહી બે આદિલ ગવાહોથી સાબિત હતી તો આજે આકાશ** સ્વચ્છ હોવા છતાં ચાંદ ન દેખાતાં એવું ઠરાવવામાં આવશે કે ચાંદ ઘણો જ બારીક છે, અને વાદળ થોડીક પ્રમાણમાં ખાસ તેની સામે આડુ છે જેના લીધે આકાશ સ્વચ્છ હોવાનું ગુમાન કરવામાં આવે છે.

અથવા એના સિવાય કોઈ અન્ય હલકી આડ રોજના નિયમ વિરૂદ્ધ છે. હા, જો વાદળ કે ધૂમાડો છે તો કશીય શર્ત વિના ત્રીસ પૂરા કરીને ઈદ કરી લઈશું, ભલે રમઝાનનો ચાંદ એક જ ગવાહીની ગવાહીથી માન્યો હોય, કેમ કે હવે તેની ગલતી જાહેર થશે નહીં.





તન્વીરમાં છે :–

بعد صوم ثلثين بقول عدلين حل الفطر و بقول عدل لا۔

દુર્રે મુખ્તારમાં છે :–

نقل ابن الکمال عن الذخيرة انه ان غم هلال الفطر حل اتفاقاً الخ۔ و تمام تحقيقه فى رد المحتار وما علقنا عليه۔

(સાતમો તરીકો)

## ★ તોપોના ધડાકાનો અવાજ ★

અલ્લામા શામી رحمۃ اللہ علیہ એ તોપો સાંભળવાને પણ શહેર આસપાસનાં ગામો (પરાં વિસ્તાર)વાળાઓ માટે ચાંદની સાબિતીમાં ગણ્યું.

જાહેર છે કે અહીં પણ તે જ શરતો લાગુ થશે કે ઈસ્લામી શહેરમાં વિ□સનીય હાકિમે શરઅના હુકમથી ૨૯ની સાંજે તોપોના ધમાકા કેવળ ચાંદના શરઈ સબૂતની સ્થિતિમાં થતા રહેતા હોય. કોઈના આવવા જવાની સલામી વગેરેની તદ્દન શક્યતા ન હોય. નહીં તો શહેર ભલે ઈસ્લામી હોય પણ ત્યાં શરીઅતના હુકમોની કદર નથી, અહકામ જાહિલ બેવકૂફ કે નેચરી, રાફઝી વગેરે બદ્‌મઝહબોના હવાલે છે જેમને ન શરીઅતના કાયદા ખબર છે ન તેના પાલનની પરવા, પોતાની અપૂર્ણ રાયમાં જે આવ્યો તેના પર હુકમ લગાડી આપ્યો, તોપો ગાજી ઉઠી ! તો આવી ધડ માથા વિનાની વાતો શું લેહાઝને પાત્ર થઈ શકે છે ? જેમ કે એ ઉઘાડુ છે.

વળી જ્યાંની તોપો શરીઅતની રૂએ ભરોસાપાત્ર હોય એના પર અમલ ગામડવાળાઓ માટે જ ખાસ નથી બલ્કે

તહકીકની દષ્ટિએ ખાસ તે શહેરવાળાઓ માટે પણ એના પર ભરોસો કરવા સિવાય અન્ય કોઈ ચારો નથી કે હાકિમે શરઅની સામે શહાદતો (ગવાહીઓ) ગુજરવી, તેનું તેના પર હુકમ લાગુ પાડવું દરેક વ્યક્તિ ક્યાં જોતો સાંભળતો હોય છે ! ઈસ્લામી હાકિમના હુકમથી આમ એલાનના માટે એવી જ કોઈ મશ્હૂર જાણીતી નિશાની કાયમ કરવામાં આવે છે જેમ કે તોપોના ધડાકા અથવા ઢંઢેરો પીટવો વગેરે.

હું (આ'લા હઝરત) કહું છું કે અહીંથી જાહેર થયું કે એવા ઈસ્લામી શહેરમાં એલાન કરનાર પર પણ અમલ થશે, જ્યારે કે તેનું આદિલ હોવું પણ શર્ત નથી, જ્યારે ખબર હોય કે સુલ્તાનના હુકમ વિના આવું એલાન નથી થઈ શક્તું.

આલમગીરીમાં છે :–

خبر منادی السلطان مقبول عدلا کان اوفاسقا کذا فی جواهرالا خلاطی۔

રદ્દુલ મુહતારમાં છે :–

قلت والظاهر انه یلزم اهل القری الصوم بسماع المدافع اورویة القنادیل من المصرلانه علامة ظاهرة تفید غلبة الظن ،وغلبة الظن حجة موجبة للعمل، کما صرحوا به ۔ واحتمال کون ذلك لغیر رمضان بعید ،اذلا یفعل مثل ذلك عادة فی لیلة الشك الالثبوت رمضان ۔

મુન્હતુલ ખાલિકમાં છે :–

لم یذکرواعندنا العمل بالامارات الظاهرة الدالة علی ثبوت الشهر کضرب المدافع فی زماننا والظاهر وجوب العمل بها علی من سمعها ممن کان غائبا عن المصر کا هل القری ونحوها کما یجب العمل بها علی اهل المصر الذین





لم یرواالحاکم قبل شهادة الشهود وقدذکر هذا الفرع الشافعیة ،فصرح ابن حجر فی التحفة انه یثبت بالامارة الظاهرة الدالة التی لاتتخلف عادة کرویة القنادیل المعلقة بالمنائر قال ومخالفة جمع فی ذلك غیر صحیحة اھ

## રમઝાન સિવાય તથા શવ્વાલના ચાંદ બાબતે ચેતવણી

જ્યાં બીજા શહેરોમાં ચાંદ દેખાવાથી અહીં હુકમ સાબિત કરવામાં આવે જેમ કે બીજાથી પાંચમા તરીકા સુધી ચાર તરીકાઓમાં દર્શાવ્યું. એના બારામાં અલ્લામા શામી رحمۃ اللہ علیہ ની રાય એ છે કે જો એ બીજુ શહેર એ શહેરથી એ મુજબ પશ્ચિમ પ્રતિ ન હટયું હોય જેના કારણે ચાંદ જોવામાં મતભેદ પડી શકે. ત્યારે તો તરીકા દરેક ચાંદમાં કામ આપશે. નહીં તો રમઝાન સિવાય તથા શવ્વાલમાં વિ□ાસપાત્ર ગણાશે નહીં. એટલે જો તે શહેર આ શહેરથી એટલુ પશ્ચિમ તરફ છે જેનું માપ અમુક આલિમોએ એ રાખ્યું છે કે બોત્તેર (૭૨) માઈલ અથવા અધિક તેની પૂર્વી લંબાઈ બીજા શહેરની લંબાઈથી કમ હોય અને ત્યાંનું ચાંદનું જોવું ઝીલ હજ્જ પર દા.ત. ગવાહી અથવા ગવાહી પર ગવાહી અથવા કાઝીના ફેંસલા પર ગવાહી ગુજરી અથવા કાઝીનો પત્ર અથવા મુતવાતિર (સતત) ખબરો આવી તો અહીં એના પર અમલ થશે નહીં. બલ્કે પોતાના જ શહેર અથવા તેના નજીકના સ્થળો અથવા પૂર્વી શહેરથી ભલે ગમે તેટલા અંતરે હોય સબૂત આવવા પર આધાર રાખવામાં આવશે અને ન મળ્યું તો ત્રીસની ગણત્રી પૂર્ણ કરીશું.

રદ્દુલ મુહતારમાં ફર્માવ્યું :–

يفهم من كلا مهم فى كتاب الحج ان اختلاف المطالع فيه معتبر فلايلزمهم شيء لو ظهرانه رئى فى بلدة اخرى قبلهم بيوم وهل يقال كذلك فى حق الاضحية لغير الحجاج لم اره والظاهر نعم لان اختلاف المطالع انما لم يعتبرفى الصوم لتعلقه بمطلق الروية وهذا بخلاف الاضحية فالظاهر انها كاوقات الصلوة يلزم كل قوم العمل بما عندهم فتجزئ الاضحية فى اليوم الثالث عشروان كان على رؤيا غير هم هوالرابع عشر ۔

**ખુલાસો** : હું (આ'લા હઝરત) કહું છું : **જો કે સહીહ એથી વિરૂધ્ધ છે, એને ખાસ કરવામાં ઘણા વાંધાઓ છે, ઉલમાનું કલામ (બયાન) બિનશર્તી સાફ તથા આમ છે.** (એટલે કે આ'લા હઝરતે સ્પષ્ટ કર્યું કે કોઈપણ શહેરમાં ચાંદ દેખાવાથી **કશીય શર્ત વિના** બીજા શહેરો માટે **શરઈ ગવાહી મળતાં** ચાંદ સાબિત થશે.)

فان رسول الله صلى الله تعالىٰ عليه وسلم علل اسقاط اعتبار الحساب بانا امة امية لانكتب ولا نحسب ،كما رواه الشيخان وابوداؤد والنسائى وغيرهم عن ابن عمر رضى الله تعالىٰ عنهما وهذه العلة تعم الاهلة،

وهذا وان كان خلاف القياس فلا يمتنع الالحاق به دلالة ،وان امتنع قياسا كما قدنص عليه العلماء ،ومنهم العلامة الشامى فى نفس هذاالكتاب ۔

ولا شك ان ذا الحجة كا لفطرسواء بسواء ۔وقال رسول الله صلى الله تعالىٰ عليه وسلم ۔

الفطريوم يفطر الناس ،والا ضحى يوم يضحى الناس اخرجه الترمذى بسند صحيح عن ام المومنين الصديقة رضى الله تعالىٰ عنها ۔





وقال صلى الله تعالىٰ عليه وسلم ۔

فطر كم يوم يفطرون واضحاكم يوم يضحون رواه ابوداؤد والبيهقى بسند صحيح عن ابى هريرة رضى الله تعالىٰ عنه ۔

ثم اقول هذاكله كلام معه على تسليم ان النوط بالروية انما وردفى الصوم والفطر،وليس كذلك ، بل قدثبت كذلك فى الاضحية ۔فقد اخرج ابوداؤد والدارقطنى عن امير مكة الحارث بن حاطب رضى الله تعالىٰ عنه قال ۔

عهد الينا رسول الله صلى الله تعالىٰ عليه وسلم ان ننسك للروية فان لم نره وشهد شاهدا عدل نسكنا بشهادتهما قال الدار قطنى هذا اسناد متصل صحيح ۔

فانقطع مبنى البحث من راسه واستبان الحق ولله الحمد ۔

اما ماتمسك به من مسئلة الحج فاقول لاحجة فيها فانها فيمارى لدفع الحرج العظيم ،ونظيره مافى التنوير والدر۔

تبين ان الامام صلى بغير طهارة تعاد الصلوة دون الاضحية ،لان من العلماء من قال لا يعيد الصلاة الا الامام وحده، فكان للاجتهاد فيه مساغ زيلعى ۔كما لوشهدواانه يوم العيد ،فصلوا ثم ضحوا ، ثم بان انه يوم عرفة ،اجزأتهم الصلوة والتضحية ،لانه لايمكن التحرز عن مثل هذا الخطاء، فيحكم بالجواز صيانة لجمع المسلمين زيلعى ،اھ ملخصا مصححا ۔

ثم رايت بحمد الله التصريح به فى اللباب وشرحه بل فى نفس الشرح المتعلق به ردالمحتار حيث قال۔

شهدوابعد الوقوف بوقوفهم بعد وقته لاتقبل شهادتهم ،والوقوف صحيح استحسانا حتى الشهود للحرج الشديد الخ

فقد ظهر الحق والحمد لله رب العالمين ۔

ચાંદની સાબિતી માટેના શરઈ તરીકાઓ આ પ્રમાણે છે. **એ સિવાયના જેટલા પ્રમાણમાં તરીકા લોકોએ ઉભા કર્યા તે તદ્દન બાતિલ (ગલત) અનોંધપાત્ર** તથા **અસ્વીકાર્ય** છે.

## કેટલાક ગલત તરીકાઓ

પબ્લિકના ખયાલોની શું નોંધ કરવાની ! પણ આજકાલ જહાલતમાં ગલત તરીકા જેનું અધિક ચલણ છે તે પણ સાત છે.

(૧) **ચાંદ વિશે વહેતી વાત** : કેટલાક લોકો ક્યાંકથી આવ્યા અને ખબર આપી કે ત્યાં ફલાણા દિવસે ચાંદ જોવામાં આવ્યો, ત્યાંના હિસાબથી આજે આ તારીખ છે. જાહેર છે કે આ ન ચાંદ જોયાની ગવાહી છે કે ન તેમણે પોતે ચાંદ જોયો ન ચાંદ જોનારની ગવાહીની ગવાહી. હોવું તો એવું જોઈએ કે **જોનારા તેમની સામે ગવાહી આપતા અને તેમને પોતાની ગવાહીના ગવાહ બનાવી લેતા અને તેઓ શરઈ કાયદા મુજબ અહીં ગવાહી આપતા,** બલ્કે કેવળ વાત કે જેનું શરીઅતમાં મુદ્દલે સ્થાન નથી ભલે એ લોકો પણ ષિકહ (દીનદાર, પ્રમાણિક, પરહેઝગારીવાળા) તથા વિ□ાસપાત્ર હોય અને જેમણે ચાંદ જોયો તેમનું વર્ણન કરે તેઓ પણ ષિકહ એટલે દીનદાર, પ્રમાણિક, તકવા પરેહઝગારીવાળા વિ□સનીય હોય. એવું નહીં કે જાહિલોમાં તો એવું ચલણ છે કે કોઈ આવ્યો, કેવો પણ હોય આવે, કોઈના જોવાની ખબર લાવે, ભલે ખૂદ તેનું નામ પણ ન બતાવે, બલ્કે મુદ્દલે તેનાથી વાકેફ જ ન હોય ! છતાં આવી અધ્ધર ખબરો પર વિ□ાસ કરી લે છે.





ફત્હુલ કદીર, બહરુર્રાઈક, આલમગીરી વગેરેમાં છે :–

لو شهد جماعة ان اهل بلدة كذا رأوا هلال رمضان قبلكم بيوم فصا موا وهذا اليوم ثلثون بحسابهم ولم ير هولاء الهلال لا يباح فطر غد ،ولا ترك التراويح فى هذه الليلة لانهم لم يشهد وابالروية ولا على شهادة غير هم وانما حكوا روية غيرهم ـ

(૨) **અફવા** : શહેરમાં ખબર ઉડી જાય છે કે ફલાણી જગાએ ચાંદ દેખાયો. જાહિલ તેને **"તવાતુર"** તથા **"ઈસ્તેફાદા"** સમજી લે છે, જો કે જેને પૂછો તે સાંભળેલું કહે છે, ચોક્કસ પતો કોઈ નથી જણાવતું. અથવા વધુમાં વધુ વાતની સાબિતીનો છેડે કેવળ બે એક શખ્સ હોય તેને **ઈસ્તેફાદા** સમજી લેવું નર્યી જહાલત છે. તેની સ્થિતિઓ એ છે જે અમે પાંચમા તરીકામાં જણાવી. મુન્હતુલ ખાલિક હાશિયા બહરર્રુાઈકમાં છે :–

اعلم ان المراد بالاستفاضة تواتر الخبرمن الواردين من بلدة الثبوت الى البلدة التى لم يثبت بها لا مجرد الاستفاضة لانها قدتكون مبنية على اخبار رجل واحد مثلا فيشيع الخبر عنه ،ولا شك ان هذا لا يكفى بدليل قولهم اذ استفاض الخبر وتحقق فان التحقق لا يكون الا بماذ كرنا ـ

ફકીર (આ'લા હઝરત)ને ઘણીવાર અનુભવ થયો કે આ ખબરો તદ્દન ધડ માથા વિનાની નીકળે છે. આ જ ઝીલ હજજમાં ખબર ફેલાઈ કે આનુલામાં ચાંદ થયો છે. ત્યાં આમ લોકોએ જોયો છે અને ફકીર (આ'લા હઝરત)ના એક દોસ્તનું નામ પણ લીધું કે તે આવ્યા અને ખૂદ પોતે ચાંદ જોયાનું અને ત્યાં સૌનું જોવાનું વર્ણન કરતા હતા. ફકીરે (આ'લા હઝરતે) એક વિ□ાસુ માણસને મોકલ્યો. ત્યાંથી જવાબ મળ્યો કે અહીં ગાઢ વાદળ હતું જેથી ન મેં જોયો ન કોઈ અન્યે જોયો !

પછી ખબર ઉડી કે શાહજહાંપુરમાં તો એકે એક શખ્સે જોયો. ફકીરે ત્યાં પણ એક વિ□ાસુ ષિકહ (દીનદાર, પ્રમાણિક, તકવાવાળા)ને પોતાના એક મિત્ર આલિમની પાસે મોકલ્યો. તેમણે જે ફર્માવ્યું તેની સ્થિતિ હું તમને દર્શાવી દઉં છું. તેમનો હાથ પકડીને શહેરમાં ફર્યા અને દરવાજે દરવાજે પૂછતા ફર્યા કે ઈદ ક્યારે છે ? કહ્યું, જુમ્આની. પૂછયું, ચાંદ જોયો ? કહ્યું, જોયો તો નથી ! પૂછયું, તો પછી કેવી રીતે ? તેનો જવાબ કાંઈ ન હતો. આખા શહેરમાંથી એ જ જવાબ મળ્યો. કેવળ એક શખ્સે કહ્યું કે મેં મંગળવારે ચાંદ જોયો હતો અને મારી સાથે ફલાણા ભાઈએ પણ જોયો. હવે એ આલિમ બીજાભાઈની પાસે ગયા, તેને પૂછયું તો તેણે કહ્યું, તે ખોટુ કહેતો હતો. જેથી ખૂદ તે બંને જણા સાથે તે ગવાહ સાહબ પાસે આવ્યા. હવે એ પણ ફરી ગયા કે હા, કાંઈ યાદ નથી !

પછી ખબર ગરમ થઈ કે રામપૂરમાં ચાંદ જોયો અને જુમ્આની ઈદ નક્કી થઈ. ફકીરે (આ'લા હઝરતે) બે વિ□ાસુ માણસોને ત્યાંના બે આલિમો પાસે મોકલ્યા. જાણવા મળ્યું કે ત્યાં પણ વાદળ હતું ! કોઈએ પણ ચાંદ નથી જોયો. છેવટે એટલુ જાણવા મળ્યું કે ત્યાં બે શખ્સો દિલ્હીથી જોઈને આવ્યા છે. તો આ આલિમોએ તે બે ગવાહોને બોલાવીને તે બે વિ□ાસુ માણસો પાસે ગવાહી અપાવી અને જે શબ્દો ફકીરે લખી આપ્યા હતા તે તેમની પાસે કહેવડાવીને તેમને શહાદતના શાહિદ કરાવ્યા. અને બંને તે આલિમોએ ખૂદ બંને અસલ શાહિદોની છાનબિન કરી. હવે બંને વિ□ાસુ શખ્સોએ અહીં આવીને ગવાહીની ગવાહી શરઈ કાયદાનુસાર આપી ત્યારે ફકીરે જુમ્આની ઈદનો ફત્વો આપ્યો. જુઓ ! અફવા તથા ખબરોની





આવી હાલત હોય છે. ولاحول ولا قوة الا بالله العلى العظيم۔

(૩) **પત્રો તથા વર્તમાનપત્રો** : ઘણા ભાગે એવી ચર્ચા ચાલતી હોય છે કે ફલાણી જગાએથી પત્ર આવ્યો, ફલાણા અખ્બાર (વર્તમાન પત્ર)માં લખેલું જોયું, જો કે અમે ચોથા તરીકામાં વર્ણન કરી ચૂક્યા છીએ કે શરઈ હાકિમને ખાસ મોહરવાળો સહીવાળો પત્ર જેના પર ખૂદ તેની અને દારુલ કઝા (ઈસ્લામી ન્યાયાલય)ની મોહર લાગેલી હોય અને તેના પોતાના હાથનો લખેલો હોય, અહીં પણ શરઈ હાકિમના નામથી આવે, બે આદિલ ગવાહો જેમને લખીને (કાઝીએ) પોતાના લખાણના ગવાહ બનાવીને પત્ર સોંપ્યો અને અહીં આવીને તેમણે શરઈ હાકિમને પત્ર આપીને ગવાહી આપી હોય, તે સિવાય સ્વીકાર્ય નથી. તો પછી આ ટપાલમાં આવેલ કાગળો કેમ કરીને વિ□ાસપાત્ર થઈ શકે ! અને અખ્બારોની ખબરો તો મુદલે નામ લેવાને પાત્ર નથી !

દુર્રે મુખ્તારમાં છે :–_ لا يعمل بالخط

હિદાયહમાં છે :– الخط يشبه الخط فلا يعتبر۔

(૪) **તાર (ટેલીગ્રામ)થી ખબર** : આ તો પત્ર કરતાં પણ અધિક અવિ□સનીય છે. પત્રમાં લખનારના હાથની નિશાની તો હોય છે. અહીં તો એટલા પ્રમાણમાં પણ નથી, તો પછી એના પર અમલ કરવાનું કોણ કહેશે ?! જે જાહિલથી જાહિલ જેને ઈલ્મના નામ સાથે પણ કોઈ લેવાદેવા નથી. (તે જ કહેશે.)

ફકીરે (લેખકે) એના રદમાં એક સવિસ્તાર ફત્વો લખ્યો છે અને એના પર અલ્લાહના ફઝ્લથી હિંદુસ્તાનના પુષ્કળ

આલિમોએ મોહરો મારી, જે કલકત્તામાં છપાઈને પ્રસિદ્ધ થયો.

ગંગોહી મુલ્લાએ પોતાના ફત્વામાં તારની ખબર આ બાબતમાં વિ□સનીય ઠરાવી છે, અને તેને પત્રના લખાણ પર કયાસ કર્યો હતો કે તારની ખબર પત્રના લખાણની જેમ છે કેમ કે લખાણમાં અક્ષરો ઈસ્તેલાહી (પરીભાષિક) છે જેનાથી મતલબ માલૂમ થઈ જાય છે ચાહે તે કલમની હરકતથી પેદા થયા અથવા કોઈ લાઠી અથવા લાંબા વાંસની હરકતથી.

એટલે કે પત્રમાં કલમથી લખવામાં આવે છે. તાર આપવો એવું છે કે મોટા વાંસથી (લખી દીધું) જે હજારો કોસ (માઈલ) સુધી લાંબો છે, લખી દીધું. તો જેવી રીતે તે વિ□સનીય છે તેવી જ રીતે આ છે, બલ્કે આ તો વધારે વિ□સનીય હોવું જોઈએ કે ત્યાં નાનો સરખો કલમ છે અને અહીં આટલો મોટો વાંસ ! જેથી એતબાર પણ એની નિસ્બત પ્રમાણે વધવો જોઈએ.

કયાસ તો સારો દોડયો હતો પણ અફસોસ ! શરીઅતની રૂએ તદ્દન મરદૂદ તથા નિષ્ફળ રહ્યો.

મેં મારા વિસ્તારપૂર્વક ફત્વામાં પ્રથમ પત્ર તથા તાર (ટેલીગ્રામ)માં શું ફરક છે તેનો ઉલ્લેખ કર્યો જે આ કયાસના ચિથરાં વેરી કાઢે છે. અને એકવાર કોઈ એ વાત સ્વીકરી લે તો પણ શરીઅતના હુકમ હેઠળ પત્ર પર અમલ જ હરામ છે, પછી તે વાંસનો કયાસ કરવાની જરૂરત જ શું છે ?! જેના પર કયાસ કરવામાં આવે તે જ બાતિલ છે તો જેના વિશે કયાસ કરવામાં આવે તે તો અધિક બાતિલ (ગલત) થશે. મોલ્વી સાહબ લખનવીએ પોતાના ફત્વામાં પત્ર તથા તારને બિનભરોસાપાત્ર જ ઠરાવ્યો અને આ હુકમમાં હક્કની





તરફદારી કરી, પણ એ કહેવું હરગિઝ સહીહ નથી કે તારની ખબર અથવા પત્ર પુષ્કળ પ્રમાણમાં પહોંચી જાય તો તેના પર અમલ થઈ શકે છે, તેને ઈસ્તેફાદામાં દાખલ સમજવું તદ્દન ગલત છે. ઈસ્તેફાદાનો અર્થ જે ઉલમાએ વર્ણન કર્યો છે તે પાંચમાં તરીકામાં આવી ગયો છે કે જ્યાં ચાંદ થયો ત્યાંથી વિવિધ ટોળીઓનું આવવું અને સૌનું એક ઝબાને બયાન કરવું જોઈએ. અહીં વિવિધ જગાએથી પત્ર કે તાર આવે તો પણ નાજાઈઝ હોવાના તે કારણથી જે મેં એ ફત્વામાં વિસ્તારપૂર્વક વર્ણન કર્યાં હરગિઝ સ્વીકાર્ય બયાનના ક્રમમાં આવી શકશે નહીં. ટપાલના મુન્શી, તારના બાબુ મોટા ભાગે કાફિરો અથવા સમાન્યતઃ નર્યા જાહિલો અથવા ફાસિક ફાજિરો હોય છે. અને ધારો કે એ જૂઠી વાતને માની લેવામાં આવે તો એ અધિક્તા જેનાથી ખબર લેવામાં આવે તેમાં થશે, ખબર આપનારાઓમાં નહીં ! કેમ કે અહીં તાર લેનાર બાબુ જો ષિકહ (દીનદાર, પ્રમાણિક તક્વાવાળા) મુસલમાન હોય તો પણ હરગિઝ એટલી મોટી ટોળી થશે નહીં જેની ખબરો પર શરઈ યકીન હાંસલ થાય. બલ્કે સામાન્ય શહેરોમાં કેવળ એક બે જ તાર ઘર હોય છે અને મેઈન તાર ઘર તો એક જ હોય છે, ભલે મોટા શહેરમાં વહેંચણી માટે બે ચાર બ્રાન્ચો અધિક પણ હોય. ગમે તેમ પણ પત્ર તથા તાર તો આપણને ગણત્રીના શખ્સો થકી જ મળશે પછી ઈસ્તેફાદા સાથે એનો શું સંબંધ ?! શું જો ઝયદ આવીને કહી દે કે, "ફલાણી જગાએ લાખ માણસોએ ચાંદ જોયો" તો એ ખબર મુસ્તફીદ કહેવાશે ? ولاحول ولا قوۃ الا باللہ العلی العظیم۔

**૫. કેલેન્ડરો (જંત્રી પંચાંગ)નું બયાન** : કે ફલાણા દિવસે પહેલી છે. પહેલાં અમુક શાફઈ આલિમો તથા

મોઅતઝલા વગેરેનો ખયાલ આ તરફ હતો કે મુસલમાન આદિલ જંત્રીવાળાઓનો કૌલ આ બારામાં વિ□સનીય હોઈ શકે છે, અને અમુકે શર્ત લગાડી હતી કે જ્યારે તેમની એક મોટી જમાઅત એક ઝબાને કહે તે ફલાણા મહીનાની પહેલી ફલાણા દિવસે છે તો સ્વીકાર્ય થવાને કાબેલ છે, જો કે એના પર અમલ કરવો વાજિબ કોઈની નજીક નથી. પણ આપણા ઈમામો અને બહુમતી મહાન મુહક્કિકો એને મુદ્દલે સ્વીકારતા નથી અને એના પર અમલ જાઈઝ જ નથી રાખતા અને એ જ હક્ક છે કે, હુઝૂર પુરનૂર ﷺ સહીહ હદીષમાં અહીં જંત્રી (પંચાંગ, કેલેન્ડર) વાળાઓના (જ્યોતિષોના) કથનોથી (કૌલથી) નજર ફેરવી લેવા અને તેનો કોઈ લેહાજ ન કરવા વિશે ફર્માવી ચૂક્યા, તો પછી હવે એના પર અમલને સ્થાન જ ક્યાં રહ્યું ?!

દુર્રે મુખ્તારમાં છે :–

لاعبرة بقول الموقتين ولو عدولا على المذهب ـ

રદ્દુલ મુહતારમાં છે :–

بل فى المعراج لا يعتبر قولهم بالا جماع ولا يجوز للمنجم ان يعمل بحساب نفسه ـ

જ્યારે ષિકહ આદિલ મુસલમાન જંત્રી (પંચાંગ, કેલેન્ડર) વાળાઓના બયાનની આ હાલત છે તો પછી આજકાલનાં કેલેન્ડરો ! જે સામાન્યતઃ હિંદુઓ વગેરે કાફિરો પ્રસિદ્ધ કરે છે અથવા નેચરી નામ માત્રના મુસલમાન અથવા અમુક મુસલમાન પણ કાઢે છે તો તેઓ પણ એ જ હિંદુમય કેલેન્ડરો (પંચાંગ)નું અનુસરણ કરે છે, એ શું ધ્યાન કરવાને પાત્ર થઈ શકે છે ?!





ફકીરે (લેખકે) ૨૦ વરસથી મોટી મોટી પ્રખ્યાત જંત્રીઓ જોઈ, પ્રથમ તો મિસ્રાની હયઅત (શહેરની લંબાઈ પહોળાઈ) ખામીયુક્ત હોય છે. વળી તે જંત્રી બનાવનારાઓને એની પણ પૂરી તમીઝ નથી, રાશીચક્રમાં તેઓની સખત ભારે ગલતીઓ જોવામાં આવી કે કોઈ સમજદાર બાળક પણ ન કરે. તો પછી તેઓ શું ને તેમની જંત્રીઓ (પંચાંગ, કેલેન્ડરો) શું ?! અને તેમની પરવાની કોને પરવા ?!

(૬) **કયાસો તથા ધારણાઓ** : દા.ત. ચાંદ મોટો હતો, ચમકદાર હતો, મોડે સુધી રહ્યો જેથી જરૂર કાલનો હતો ! આજે બેસીને નીકળ્યો તો જરૂર પંદરમી છે. ૨૮મીએ ખૂબ જોયો જોવા ન મળ્યો જેથી મહીનો ૨૯નો હશે. આ કયાસો તો હિસાબની જેટલી હેસિયત પણ નથી ધરાવતા પછી એના પર અમલ કરવો તદ્દન જેહાલત તથા ગુમરાહી છે. હદીષમાં છે; હુઝૂર પુનરૂનર ﷺ ફર્માવે છે :–

**من اقتراب الساعة انتفاخ الاهلّة** કિયામત નિકટ હોવાની અલામતો (નિશાનીઓ)માંથી છે કે ચાંદ ફુલેલા નીકળશે એટલે કે જોવામાં મોટા જણાશે. (રિવાયત કરી એને તિબ્રાનીએ કબીરમાં અબ્દુલ્લાહ ઈબ્ને મસ્અદ رضی اللہ عنہ થી)

બીજી હદીષમાં છે, રસૂલુલ્લાહ ﷺ ફર્માવે છે :–

**رواه الطبرانى فى الكبير عن عبدالله بن مسعود رضى الله تعالىٰ عنه.**

"કિયામતની નિશાનીઓમાંથી છે કે ચાંદ વિના તકલીફે જોવા મળશે, કહેવામાં આવશે કે બે રાતનો છે." (રિવાયત કરી અવસતે અનસ رضی اللہ عنہ થી)

મુસ્લિમ શરીફમાં અબુલ બખ્તરી સઈદ ઈબ્ને ફીરોઝથી

છે :–

قال خرجنا للعمرة ـفلما نزلنا ببطن نخلة قال ترأينا الهلال ،فقال بعض القوم هوا بن ثلاث ـ وقال بعض القوم هو ابن ليلتين ،قال فلقينا ابن عباس فقلنا انارأينا الهلال فقال بعض القوم هوابن ثلاث وقال بعض القوم هوابن ليلتين ،فقال اى ليلة رايتموه قال قلنا ليلة كذ او كذا فقال ان رسول اللّٰه صلى الله تعالىٰ عليه وسلم مده للرؤية فهو لليلة رايتموه

''અમે ઉમરા માટે ચાલ્યા, જ્યારે બતને નખ્લામાં ઉતર્યા તો ચાંદ જોયો. કોઈ બોલ્યો ત્રણ રાતનો છે, કોઈકે કહ્યું બે રાતનો છે. અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ رَضِيَ اللّٰهُ عَنْهُمَا થી મળ્યા અને તેમને અર્ઝ કરી કે, અમે ચાંદ જોયો તો કોઈ કહે છે કે ત્રણ રાતનો છે કોઈ બે રાતનો કહે છે. ફર્માવ્યું, તમે કઈ રાતે જોયો ? અમે કહ્યું, ફલાણી રાત્રે. કહ્યું, રસૂલુલ્લાહ ﷺ એ તેનો આધાર દેખાવા પર રાખ્યો છે જેથી તે એ જ રાતનો છે જે રાત્રે નજર પડે.

(૭) **અમુક અનુસંધાનથી અમુક મનઘડત કાયદા** : દા.ત. રજબની ચોથી રમઝાનની પહેલી થશે, રમઝાનની પહેલી ઝીલ હજ્જની દસમી થશે. આગલા રમઝાનની પાંચમી આ રમઝાનની પહેલી થશે. ચાર મહીના ત્રીસ ત્રીસના થઈ ચૂક્યા જેથી હવે આ જરૂર ૨૯નો થશે. ત્રણ જોડે ને જોડે ૨૯ના થયા છે જેથી આ જરૂર ત્રીસનો થશે..... વગેરે.

એનો જવાબ આ પ્રમાણે છે કે :–

**ماانزل اللّٰه بها من سلطان** ''અલ્લાહ પાકે આ વાતો પર





કોઈ દલીલ ઉતારી નથી. વજીઝ ઈમામ કરદારીમાં છે :–

شهر رمضان جاء يوم الخميس لا يضحى ايضاً فى يوم الخميس مالم يتحقق انه يوم النحر ومانقل عن على رضى اللّٰه تعالىٰ عنه ان يوم اول الصوم يوم نحرليس بتشريع كلى بل اخبار عن اتفاقى فى هذه ا لسنة وكذا ما هو الرابع من رجب لايلزم ان يكون غرة رمضان بل قد يتفق ـ

خزانة المفتين

ખઝાનતુલ મુફતીસમાં ફતાવા કુબરાથી છે :–

مايروى ان يوم نحر كم يوم صومكم، كا ن وقع ذلك العام بعينه دون الابد ، لان من اول يوم رمضان الى غرة ذى الحجة ثلاثة اشهر فلا يوافق يوم النحر يوم الصوم الاان يتم شهران من الثلثة وينقص الواحد فاذا تمت الشهور الثلثة تتاخر عنه ،واذا نقصت الشهور الثلثة اوشهران تقدم عليه فلم يصح الاعتماد على هذا ـ

આ સંક્ષિપ્ત લખાણ અહીં પૂરતુ છે અને એની અધિક વિસ્તારપૂર્વક ચર્ચા ફકીર (લેખક)ના રિસાલા તથા મસાઈલના જવાબોમાં છે. وبالله التوفيق والله تعالىٰ اعلم ـ

